GYANBODH

ISSN:3048-9792

**Volume:** 2

**Issue:** 1

January-February-2025

# ગુજરાતી સાહિત્યમાં નગરચેતના પ્રભાવ

ડૉ. અશ્વિનકુમાર યુ. પટેલ
એસો. પ્રોફેસર–ગુજરાતી વિભાગ
આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, ખંભાત
તા. ખંભાત, જિ. આણંદ
Mo: 9426333925
Email:-aupatel1973@gmail.com

નગરચેતના એ નગરજીવન સાથે વિસ્તરતી પારંપરિક માનવીય પ્રવૃત્તિ છે. તેથી નગરજીવન અને સાહિત્ય અભ્યાસનું રસપ્રદ ક્ષેત્ર છે. પરંતુ આ નગર જીવન એટલે શું? નગરજીવન એટલે સમગ્ર વિશ્વના દેશો, વસ્તુ, વ્યાપાર, સંશોધને, ટેકનોલોજી, મશીનરી અને સંશોધનને લઇને એક–બીજા સાથે આદાન–પ્રદાન કરે તો તે પ્રક્રિયાને સામાન્ય અર્થમાં નગરજીવન કહેવાય. આમ તો નગરજીવન પ્રાચીન સમયકાળથી ચાલી આવતી પ્રક્રિયા છે. પરંતુ વર્તમાન સમયમાં તેનું સ્વરૂપ વ્યાપક બન્યું છે. નગરજીવન સાથે અન્ય કેટલીક પ્રક્રિયાઓ જોડાયેલી છે. જે તેને વધુ વ્યાપક બનાવવા માટે જવાબદાર છે. જેમાં ઔદ્યોગિકરણ સ્થળાંતર, શહેરીકરણ અને આધુનિકીકરણ મુખ્ય છે. વિશ્વમાં સૌ પ્રથમ અઢારમી સદીના મધ્યભાગથી પશ્ચિમ યુરોપમાં ઔદ્યોગિકરણની શરૂઆત થઇ અને તેના કારણે ગામડાઓમાંથી વ્યાપાર અને રોજગારના અર્થે મોટા પ્રમાણમાં સ્થળાંતર થવાનું ચાલુ થયું અને તેનાથી શહેરીકરણની પ્રક્રિયા ચાલુ થઈ. શહેરીકરણ એ ભાવના કે સહકાર વગરનું એક સ્પર્ધાત્મક જીવન છે.

સામાન્ય રીતે શહેરીકરણ ગામડાઓમાંથી શહેરોમાં સ્થળાંતરિત થતા લોકો અને તેમની પ્રવૃત્તિઓનું કેન્દ્રીકરણ છે. શહેરીકરણના કારણે શહેરી સમાજમાં જાતિ ધર્મ, વ્યવસાય અને લોકોના જીવનધોરણ વગેરે બાબતોને લઇને પરિવર્તનરૂપે વિવિધતા આવતી ગઇ. પરંતુ તેના કારણે ભારત અને વિશ્વના ઘણા દેશોમાં વર્તમાનમાં અનેક સમસ્યાઓ ઉભી થવા પામી. જેમાં મુખ્યત્વે પાયાની મૂળભૂત સગવડોનો અભાવ, વાયુ–પાણી પ્રદુષણ, ઘોંઘાટ ટ્રાફિક અને સુરક્ષાની સમસ્યાઓ વગેરે છે. તેનું મુખ્ય કારણ જોઇએ તો સ્થળાંતરના કારણે શહેરોમાં વસ્તીનું વધતું જતું ભારણ જ છે. વર્તમાનમાં ઉભી થયેલી વૈશ્વિક તથા રાષ્ટ્રિય સમસ્યાઓ અને જરૂરિયાતોને પહોંચી વળવા જરૂરી છે. એકબીજા દેશનો સહકાર, સહયોગ, તેની વચ્ચે વિવિધ માંગોને લઇને થતું આદાન–પ્રદાન અને તે બધું શક્ય છે નગર જીવનની

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

પ્રક્રિયા દ્વારા નગરજીવન અને આધુનિકીકરણ બંને એક સાથે ચાલતી પ્રક્રિયાઓ છે. આધુનિકરણ જેટલું ઝડપી અને ગતિશીલ, તેટલું જ નગરજીવન વધુ સક્રિય બને છે. આધુનિકીકરણ વ્યક્તિ–સમાજ અને રાષ્ટ્રના મૂલ્યો, તેની સંરચના તથા સંસ્કૃતિમાં આવતા પરિવર્તનો સાથે જોડાયેલી છે. આ બાબતને લઇને જે વધુ આધુનિક છે તેમાં આધુનિકીકરણની પ્રક્રિયા વધુ ઝડપી બને છે અને અંતે તે નગરજીવનને ગતિ આપે છે.

સામાન્યપણે બે કે બેથી વધુ દેશો વચ્ચે કોણપણ પ્રકારની બાબતોને લઇને થતી આંતરક્રિયા અને આંતર સંબંધોથી આંતર રાષ્ટ્રિયકરણનું નિર્માણ થાય છે. ભારતમાં તેની શરૂઆત બહુ પ્રાચીન કાળથી થયેલી છે જેમ કે વિશ્વના વિવિધ પ્રદેશોમાંથી જુદી–જુદી માનવ પ્રજાતિઓ સ્થળાંતર કરી ભારતમાં આવેલી અને ત્યારબાદ સિંધુખીણ સંસ્કૃતિનું નિર્માણ થયું અને તેના કારણે જ વર્તમાન ભારતીય સમાજમાં છ પેટારંગ–વંશના સમુદાયનું મિશ્રણ જોવા મળે છે. સામાન્ય રીતે જોઇએ તો વર્તમાન વિશ્વમાં લગભગ બધા દેશોએ નગર જીવનની નીતિ અપનાવી લીધી છે. આજે વિશ્વમાં વસ્તુથી લઇ લોકોની અવર– જવર મુક્ત અને બંધન વગરના બન્યા છે. ભારત પણ મુક્ત વ્યાપાર–રોકાણ– પ્રવાસન સંબંધી વિદેશી નિતિઓ, સહકાર અને અલગ અલગ ક્ષેત્રોમાં બીજા દેશોની સાથે ભાગીદારીમાં અગ્રેસર બની રહ્યો છે. આંતરરાષ્ટ્રીયકરણ બે સ્તરે થતું હોય છે એક વ્યક્તિગત કે જૂથ દ્વારા ખાનગી સ્તરે, જેમાં વ્યક્તિગત ધોરણે લોકો અને જૂથો પોતાના ઉદ્દેશ્યોની પૂર્તિ કે હેતુઓને લઇને વિવિધ દેશો સાથે જોડાયેલા હોય છે. અને તેની સાથે આંતરક્રિયા કરે છે. જ્યારે બીજું રાજ્ય– રાષ્ટ્રિય કે જાહેર સ્તરે વિવિધ રાજ્યો કે દેશ દ્વારા બીજા દેશો કે સંગઠન સાથે ચોક્કસ ઉદ્દેશ્યોને લઇને જોડાયેલા હોય છે. અને તે રીતે આંતરક્રિયા કે સંબંધો નિર્મિત થતા નગરજીવનની પ્રક્રિયા થાય છે.

નગરચેતના શબ્દમાં બે શબ્દોનો સંયોગ છે. એક નગર અને બીજો ચેતના. નગર એટલે શહેર કે જ્યાં વસ્તીનું પ્રમાણ વિસ્તારની દ્દષ્ટિએ અનેકગણું હોય તેવો સિમિત પ્રદેશ અને ચેતના એ વિચાર લાગણી કે સંવેદનાઓ સાથે જોડાયેલો શબ્દ છે. આ નગરચેતના નગરજીવનના વસ્તીના કેન્દ્રીકરણ સાથે જોડાયેલી છે. તેથી પ્રથમ નગર જીવને સમજવું જરૂરી છે. નગર જીવન એટલે શહેરીકરણનો તત્કાલીન પ્રભાવ આ સંદર્ભમાં ઓડિસ લખે છે કે "Urbanization also involves in increase in the proportion of population living cities.'[1]

નગરજીવન વિશે વિસ્તૃત સમજણ આપતા બાર્સ્ડિડર કહે છે કે ગામડું શહેરી રૂપ ધારણ કરે છે. જેના દ્વારા શહેરો ઉદભવે છે. અને વિકાસ પામે છે. આમ ગામડામાંથી શહેરોમાં સ્થળાંતરની પ્રક્રિયાનો

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

તેમજ શહેરમાં રહેતી વસ્તી વૃદ્ધીના પ્રમાણને અહીં મહત્ત્વ આપ્યું છે. તો ‘ડૉ. મરે’ ના મત મુજબ નગરજીવન એટલે નગર કે શહેરોમાં વસવાટ કરતી વ્યક્તિઓને વધતો જતો દર. જ્યારે વસ્તીશાસ્ત્રના અભ્યાસમાં નગરજીવનનો અર્થ "Urbanization is an increase int he proportion of the urban population to the total population over a period of time.[2] નગરજીવન એ વૈશ્વિક પરિવર્તનના પરિણામે શહેરી વિસ્તારોની થતી ભૌતિક વૃદ્ધિ છે. યુનાઈટેડ નેશન દ્વારા નગરજીવનને ગ્રામીણ વિસ્તારોમાંથી થતી લોકોની હેરફેર તરીકે પણ વ્યાખ્યાચિત કરવામાં આવી છે. નગરજીવન એ અદ્યતનીકરણ ઔદ્યોગીકરણ અને બુદ્ધિપ્રામાણ્યવાદની સમાજશાસ્ત્રીય પ્રક્રિયા સાથે ખૂબ નજીકથી જોડાયેલ છે.

પ્રો. જગદીશ ભગવતી નગરજીવનની વ્યાખ્યા આપતા નોંધે છે કેઃ “વેપાર, પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ, ટૂંકાગાળાની મૂડીની આવાજાહી, કામદારોના આંતરરાષ્ટ્રિય પ્રવાહોના આવાગમન અને ટેકનોલોજીની આવાજાહી દ્વારા જે તે દેશના આંતરરાષ્ટ્રીય અર્થકારણ સાથે સાયુજ્ય તે નગરજીવન છે[3] તો વળી ‘જોસેફ સ્ટિંગલિત્ઝ’ નગર જીવનની વ્યાખ્યા આપતા કહે છે કેઃ ``વાહન વ્યવહાર તથા સંદેશાવ્યવહારના સુધારાના કારણે તથા વસ્તુઓ અને સેવાઓના મુક્ત આવાગમન મૂડી જ્ઞાન અને માણસોના આવાગમન ઉપરના અંકુશોથી ઊભી થયેલી બનાવટી સરહદોમાં ઘટાડો થવાથી (ઉત્પાદનના) ખર્ચમાં ઘરખમ ઘટાડો થવાથી દેશો તથા લોકોનું વિશ્વ સાથે વધારે નિકટનું સમાયોજન એટલે નગરજીવન.''[4] ટૂંકમાં નગર જીવન એટલે અર્થતંત્રનું આંતરરાષ્ટ્રિયકરણ.

નગરજીવનની સમગ્ર પ્રક્રિયાને અલગ–અલગ પાસાંઓ અસર કરતા હોય છે. જેમાં નગર જીવનના પ્રભાવની ખાસ વાત કરીએ તો લગભગ ૧૯મી સદીથી સમગ્ર વિશ્વમાં ફૂંકાયેલા આર્થિક પરિવર્તનોએ માનવ સમાજના લગભગ તમામ પરિણામો પર પ્રભાવક અસર પાડી છે. નગરજીવનના પ્રભાવથી ભાષા, સમાજ, સંસ્કૃતિ અને કળા પણ ન બચી શકી. મૂડીવાદ, ખાનગીકરણ, વેપારીકરણ અને વિસ્થાપન નગરજીવનનો એક મોટો મુદ્દો છે. આ ઉપરાંત નગરજીવન સાથે ચાલતી ઔદ્યોગિકરણની પ્રક્રિયાને કારણે ગ્લોબલ વોર્મિંગ, દરિયાઇ જીવોનો નાશ, જંગલોનો નાશ વગેરે સમસ્યા ઉભી થઇ છે. ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે યંત્રયુગ શરૂ થયો અને માનવીને આધુનિક બનાવ્યો. પરિણામે એની જીવનશૈલી અને રહેણીકરણીમાં અજબનું પરિવર્તન આવ્યું. યાંત્રિકીકરણને પરિણામે અગાઉની સામંતશાહી હવે લોકશાહીમાં પરિવર્તિત થઇ. ગામડા તૂટ્યા અને શહેરો બંધાયા, વસ્યાં અને ધસ્યાં ચારે કોર, ખેતીની

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

આવક સામે મિલની ને શહેરી નોકરીની આવક વધતી ચાલી, નોકરીની લ્હાયમાં શહેરો ભરાતાં ગયાં ને ખેતીને પશુની મજૂરીથી ભાંગેલો ગ્રામીણ શહેરમાં વસવા લાગ્યો. અને પછી જે આરંભાયું તે મિલની કાળી મજૂરી, ગંદી ચાલીને જાતભાતના રોગને શહેરમાં મળતા ભોગ. બધુ વીજળીની લાઇટો નીચે અંજાતું ગયું ને એની ઝાકમઝાળમાં ગ્રામીણ સભ્યતાને સંસ્કારો ભાંગતા ગયા. ક્યાંક વળી પેલો ગ્રામીણ તો ગ્રામીણ જ રહ્યો અને તેના સંસ્કારો એને પાછા ગામ તરફ વાળી ગયા. જે ગાંધીયુગના સાહિત્યમાં ક્યાંક ક્યાંક સંવેદનો ઝીલાયા. પરંતુ પછીના બીજા વિશ્વયુદ્ધની ભીષણતાએ રહી સહી માનવસભ્યતાને ખંખેરી નાખીને માનવીની ઇશ્વર પ્રત્યેની આસ્થા ડગી ગઇ. અવિશ્વાસ અને અસ્તિત્વની શોધ માનવને આધુનિક ગાળામાં લાવે છે બીજા વિશ્વયુદ્ધની સાથો સાથ બનેલી એક અજાયબ ઘટના એ હતી કે શહેરોમાં કોલોની રચાવા લાગી હતી એ કોલોની અનેક પ્રાંત–વિભાગ–દેશ–ગામના બહુભાષી અને બહુ સાંસ્કૃતિક મેળાવડો બની. એમાંથી એક નવી સંસ્કૃતિ ને સભ્યતાએ આકાર લીધો. એમાં કશો છોછ ન હતો. સ્ત્રીઓ પણ મુક્ત હતી ને પુરુષ સમોવડી ગણાવાની ઝંખનામાં નોકરી વ્યવસાયમાં પુરુષની લગોલગ ઊભી હતી. આ કોલોનીની બહુભાષી સંસ્કૃતિની એક આગવી કહી શકાય તેવી ભાષા બની મિશ્ર. અહીં ખુલ્લાપણાનો કશો ઢાંક–પિછોડો ન હતો ને એમ નગર સભ્યતાએ એક નવો રંગ–રાગ આલાપ્યો એમ નિઃશંક પણે કહી શકાય.

નગર જીવનની પ્રક્રિયા એ વર્તમાન અને આધુનિક વૈશ્વિકરણની સ્પર્ધામાં ટકી રહેવા તેમજ દેશની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મહત્વનું જ નહીં અનિવાર્ય પણ છે. પરંતુ જો તેને મજબૂત વિકાસની સાથે અપનાવવામાં ન આવે તો તેની વિપરિત અસરો થવાની શક્યતાઓ વધારે છે નગરજીવનની આ નકરાત્મક અસરોના પરિણામોને ભારતીય ભાષાઓના સાહિત્યકારોની જેમ ગુજરાતી સાહિત્યકારોએ પણ આગવી રીતે પોતાના સાહિત્યમાં નિરૂપણ કર્યું છે.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પશ્ચિમમાં ઉઠેલા આધુનિકતાના બવંડરો ૧૯૫૫ આસપાસ ગુજરાતી સાહિત્યમાં અવતરણ પામે છે. આ આંદોલનના મુખ્ય પ્રણેતા તરીકે સુરેશ જોશી પોતાના પૂર્વસૂરિઓને પરિવર્તનનો માર્ગ જણાવી દેતા હોય તેમ કલા અને સાહિત્યક્ષેત્રમાં જેહાદ જગાવે છે. જેનાથી પ્રત્યેક સર્જકની ઋજુ ચેતના આંદોલિત થઇ ઉઠે છે ને એના શબ્દે–શબ્દે પ્રગટવા લાગે છે. આધુનિકતા આંદોલન રાતોરાત જાણે ગામડાઓ નગર રાક્ષસમાં ફેરવાય જાય છે ને આ નગરની માયાજાળમાં મોહી પડેલો માનવી સતત દોડતો હાંફતો એવી સ્થિતિમાં આવીને ઊભો રહે છે જ્યાં હકાર કે નકારનો ઉચ્ચાર માત્ર નથી. પ્રણય, પ્રકૃતિ, ઇશ્વર જેવા પરમ તત્વોથી વિખૂટા પડેલા આ માનવીની પરિસ્થિતિને સર્જકો

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

સાહિત્યમાં મૂર્ત કરે છે. માનવીની દિવસે ને દિવસે કથળથી જતી દયનીય સ્થિતિને વિદ્રોહ આધુનિકયુગના કવિઓને કલમે પ્રગટે છે આ કવિતા તેની પૂર્વકાલીન કવિતાથી જુદી તરી આવે છે. અને કલ્પનાનું કોમળ આકાશ છોડી વાસ્તવિકતાની નક્કર ધરા પર ડગ માંડે છે. આમ તો સ્વાતંત્ર્ય બાદ ઉમાશંકર જોશી સુંદરમ આદિની કવિતામાં માનવીની પીડા સૂક્ષ્મ રૂપે કણસતી હતી. પરંતુ તેને પૂર્ણરૂપ આપવાનું કાર્ય કરે છે. નિરંજન ભગત, એમના છંદોલય બૃહદ્ (૧૯૫૭) કાવ્યસંગ્રહમાં પ્રગટ થયેલ ‘પ્રવાલદ્વિપ’ કાવ્યગુચ્છની કવિતા નગરસ્થ માનવીની નિર્ભ્રાંત દશાનિ પૂર્ણરૂપે મૂર્ત કરે છે. એમના જ સમકાલીનો રાજેન્દ્રશાહ, પ્રિયકાન્ત મણિયાર, પ્રહલાદ પારેખ વગેરેની કવિતાઓમાં પણ ક્યાંક નગર સંવેદના જોઇ શકાય છે. પરંતુ કાવ્ય જગતના વિશાળ ફલક પર દૃષ્ટિ કરીશું તો ખ્યાલ આવશે કે ૧૯૫૫ પછીની આધુનિકતાની કવિતા કોઇને કોઇ સ્વરૂપે નવતર રૂપ ધારણ કરે છે. વિવિધ સ્વરૂપે વિહાર કરતી આ કવિતાઓમાં એક સામ્ય તત્વ નજરે ચઢી આવે છે. તે છે નગરસંસ્કૃતિ નિરૂપણ. પ્રત્યેક કવિની કલમે નગરની કુરૂપકથા થોડાઘણા અંશે આલેખાઇ છે. જેમાં નિરંજન ભગતથી લઇ સુરેશ જોશી, સુરેશ દલાલ, લાભશંકર ઠાકર, ચંદ્રકાન્ત ટોપીવાળા, રાધેશ્યામ શર્મા, ગુલામ મહંમદ શેખ, ચંદ્રકાન્ત શેઠ, રઘુવીર ચૌધરી ચિનુ મોદી, જોસેફ મેકવાન, સિતાંશુ યશચન્દ્ર, રાજેન્દ્ર શુક્લ સુધી અને એથી આગળ અનેક કવિઓની કલમને નગરસંસ્કૃતિ આકર્ષી છે.

ગુજરાતી નવલિકા સાહિત્યના સંદર્ભમાં જોઇશું તો કચ્છભૂજમાં થયેલા ભૂકંપ પછી કચ્છમાં આવેલી કંપનીઓ થકી બદલાયેલી કચ્છની છબી માવજી મહેશ્વરીની' દરિયો, ખોવાઇ ગયેલું ગામ, બાપાની માટી, પલટાતો પવન, વાર્તામાં જોવા મળે છે તો વિકરાળ કંપનીઓના આગમનના કારણે પર્યાવરણ અને ખેતી ઉપર માઠી અસર પડી છે. તેનું નિરૂપણ રાજેશ વણકરની `ધડાકો’ અને ‘આંબલિયો’ વાર્તામાં દર્શન થાય છે. જેમાં જાતીયતા અને પ્રણય નિરૂપણ વચ્ચે નગરજીવનને પરિણામે ખેતીને નુકશાન કરતા ‘ક્વોરી’નો પ્રશ્ન કેન્દ્રમાં છે. તો શહેરોને સ્માર્ટસીટી બનાવવા–રૂપાળા બનાવવા માટે ઝૂંપડપટ્ટીઓ પર બુલડોઝર ફેરવતા ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકોની થયેલી અવદશાનું વર્ણન મોહન પરમારની ‘ધોડાર' વાર્તામાં આબેહૂબ આલેખાયું છે. નગરજીવનને બજારવાદ સાથે પણ સંબંધ છે. હિમાંશી શેલતની ‘બારણું’ વાર્તા આ સંદર્ભે નોંધપાત્ર છે, જેમાં એક કિશોરીએ ટી.વી. પર ચકચકિત બાથરૂમ ટોયલેટ જોયેલા છે ઘેર તો એ વહેલી સવારે અંધારામાં જઇ આવવાનું, છણિયું ટાંગી નાહી લેવાનું. એક બજારું સ્ત્રી એના મનમાં પડેલી. એ ઝંખનાને પકડી ધંધામાં ખેચી જાય છે. વાર્તાન્તે વસાતું બારણું

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

હકીકતે તો ગ્રાહકવાદની દુનિયામાં જ ખૂલે છે. આવી કૃતિ આપણને બતાવે છે કે ખરીદનાર પોતે વસ્તુ બની જાય છે. નગરજીવનનો પ્રભાવ ભાષાની સાથે સાથે સંકળાયેલ સંસ્કૃતિ–કળા પર પણ પડ્યો છે. ગામડાની પરંપરાગત ભવાઇ જેવી કળાઓને પણ નગરજીવનની ઘટના કેવી ભરખી ગઇ તેની પ્રતીતિ દશરથ પરમારની 'ચિલોત્રાની જેમ' વાર્તામાં થાય છે. સુમન શાહની ૨૦૨૦ લગી... અને નીરવ પટેલની 'ક્રિમિલેયર' વાર્તા નગરજીવન સંદર્ભે ઉલ્લેખનીય છે. નગરજીવનનો પ્રભાવ નારી પર કેવી–કેવી રીતે પડ્યો છે. તેની અભિવ્યક્તિ પણ ગુજરાતી વાર્તાકારોની કલમે થઇ છે. જેમાં 'થળી' મોહન પરમાર છબી' સંજય ચૌહાણ, 'કાળુ ગુલાબ' અંજલિ ખાંડવાલા'ઉડાન' હરીશ નાગેચા 'કમાણી' પન્ના ત્રિવેદી 'નેચરલ સુગરની સ્વીટ' સુમન શાહ 'નોટ ગિલ્ટી' પન્ના ત્રિવેદી 'શરમ વિનાનો' હેમાંશી શેલત જેવી વાર્તાઓને નગર જીવન સંદર્ભે તપાસી શકાય.

નવલકથાક્ષેત્રમાં સ્વાતંત્ર્યોત્તર યુગ પછી નવલકથાના વહેણ બદલાય છે. બે–બે વિશ્વયુદ્ધોથી થાકેલું જગત હતાશા, થાક અને અસ્તિત્વની ખોજમાં અથડાતા માનવીના અહમ્ ક્રૂરતા, હત્યાઓ અને બળાત્કારો જેવી ઘટનાઓ પછી નવલકથા પોતાની કરવટ બદલે છે અને અતૃપ્ત ઝંખનાઓ માટે અજીબો–ગરીબ દુનિયામાં ધકેલાય જાય છે. જેમ કે ચંદ્રકાન્ત બક્ષીના 'આકાર' નવલકથાનો નાયક યશ શાહની એકલતા,જિંદગી પ્રત્યેની બેફિકરાઇ, પિતાની રખાતની શોધ યશને વેશ્યાવાડ સુધી ખેંચી જાય છે. તે ઉપરાંત નગરના શરાબની દુનિયા, હોસ્પિટલની દુનિયા, શબઘરની દુનિયાની વાસ્તવિકતા કે પછી કોલસાની ખાણ ઉપરાંત સર્વ જગ્યાએ એકલતા વ્યાપેલી જણાય છે. વેશ્યાજગત અને ઝૂંપડપટ્ટી જગતે માનવ સમુદાય માટે ભયંકર યાતના ઉભી કરી દીધી છે. જે નગર જીવનના અતૃપ્ત વાસનાનું એક પરિણામ અહીં સૂચવે છે. તો મોહમ્મદ માંકડની નવલકથા `ધુમ્મસ'નો ગૌતમ નગરજીવનના દોડધામમાં અનીતિના માર્ગે અઢળક રૂપિયા, કમાવવાની ઘેલસા સાથે સાથે પર સ્ત્રી પ્રત્યે વધતું જતું આકર્ષણ નગરજીવન સાથે સીધો સંબંધ દર્શાવે છે. અહીં ગૌતમ શરાબ અને સ્ત્રીઓની દુનિયામાં પ્રવેશી વધુને વધુ અનીતિ આચરે છે. પણ આ બધાના અંતે એ કશું જ પ્રાપ્ત કરી શકતો નથી. જે નગર જીવનની વાસ્તવિકતા અહીં તાદશ થાય છે. તો મધુરાયના 'ચહેરા' નવલકથામાં માણસને આપણે સાચા અર્થમાં ઓળખી શકતા નથી જે વાસ્તવિકતા નગરોમાં આકાર લેવા લાગી છે જેના રૂપને સ્પષ્ટ કરી આપે છે.

ચુનીલાલ મડિયાકૃત 'ઇન્દ્રધનુનો આઠમો રંગ' અને ચંદ્રકાન્ત બક્ષીની 'આકાર' આ બન્ને નવલકથામાં વેશ્યાઓની બે દુનિયા છે. પણ બન્ને વેશ્યાજગતમાં વેશ્યાઓનો અંદાજ જુદો છે. એકમાં

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

'કોલગર્લ' સંદેશો મળતા હાજર થાય છે જ્યારે બીજી બજાર બેસી વ્યવસાય કરનાર છે. બન્નેના કામ તો મૂળે એક જ છે છતાં અમીર વર્ગ માટેની વેશ્યાઓના અંદાજ અહીં નોખા પડતા દેખાય છે. આ બધું જ નગરજીવનના નવા નવા રૂપોના દર્શન કરાવે છે. અને એમાં શરાબ, સુંદરી, ચરસ, ગાંજા, આંકડા, જુગાર, ખુલ્લો દેહવ્યાપાર જેવા વ્યસનો નગર જગતમાં ફેશન બની માઝા મૂકી પ્રવેશી ગયું છે. અને પ્રશ્ન થાય છે કે નગરમાં હવે શું પ્રવેશવાનું બાકી રહ્યું છે? તો સરોજ પાઠક કૃત'નાઇટમેર'ની નાયિકા 'નિયતિ'ના લાઇફ સ્ટાઇલમાં નગરનો સીધો પ્રભાવ જોઇ શકાય છે. એમાં દર્શાવેલ કોન્ટ્રેક્ટ મેરેજ સિસ્ટમ લગ્ન જીવનની પરંપરાગત રૂઢિની સામે બાજુની પ્રથા છે. નગરોમાં થતા આવા લગ્નો વિદેશ ગમન માટે કે માત્ર સ્વતંત્રતા માટેના લગ્નો છે જેમાં ખરેખર જરૂરિયાતલક્ષી ગણિત આવવા માંડ્યું છે. વળી 'નાઇટમેર'માં લેખિકાએ ગર્ભશ્રીમંત ઘરમાં યુવાન પુત્રના મૃત્યુની ઘટનાના દર્શન કરાવી એ શ્રીમંત ઘરમાં ઘરના મન મૂકીને રડી પણ શકતા નથી કે દુઃખ વ્યક્ત કરી શકતા નથી અને ફરજિયાત પણે નગરજીવન ચોક્કસ માળખામાં રહેવાની ફરજ પાડે છે તે નગરજીવનનો વાસ્તવિક અંદાજ બયાન કર્યું છે. ટૂંકમાં સભ્યતાએ હવે સમાજ પાસેથી રડવાનું છીનવી લીધું છે જે નગરજીવનની સભ્યતામાં જોઇ શકાય છે.

ભગવતીકુમાર શર્માની 'સમયદ્વિપ' નવલકથામાં નીલકંઠ અને નીરા બન્ને જુદી જુદી સંસ્કૃતિમાં ઉછરેલા પાત્રો છે. નીલકંઠ ગ્રામ્ય સંસ્કૃતિ ઓળંગી શહેરમાં પોતાની દુનિયા વસાવે છે અને સભ્યનગરમાં ઉછરેલી નીરા જોડે લવમેરેજ કરી લે છે. પરંતુ એ બન્ને જ્યારે નીલકંઠના ગામ–વતનમાં આવે છે ત્યાં નીરા પોતાની નગરની સભ્યતા ત્યજવા નથી માંગતી અને નીલકંઠ પણ પોતાના પૂરેપૂરા સંસ્કારો છોડી શકતો નથી. અને સંસ્કૃતિના સંસ્કારોનું ખેંચાણ બન્ને પાત્ર અનુભવે છે અને બન્ને સંસ્કૃતિ એકબીજા સામે માથું ઊંચકતી દેખાય છે અને બન્નેમાંથી કોઇ એકેય પોતાની સંસ્કૃતિના ભોગે બીજી સંસ્કૃતિ અપનાવવા તૈયાર નથી. ત્યારે જરૂર લાગે છે કે નગર માણસ પાસે છેલ્લે સુધી શું શું કરાવી શકશે. વિજ્ઞાન અને ટેકનોલોજીના હરણફાળ વિકાસે ભારતીય સંસ્કૃતિ પાસે ઘણું બધું ઝૂંટવી લીધું છે. જેનો અહેસાસ થાય છે. એ જ રીતે 'કિશોર જાદવ'કૃત 'નિશાચક્ર'માં શરીર ભૂખની પાછળ દોડતા પાત્રો આધુનિક નગરજીવન જીવતા માણસોનું ભાવવિશ્વનો ઉઘાડ આપે છે. જેમાં નગરોમાં યોજાતી પાર્ટી અને એ પાર્ટીના પરિણામોની અસરોમાં શરાબ કબાબ અને સુંદરીની બોલબાલા સાથે ડ્રગ્સ કોકીનના ઉપયોગથી તબાહ થતી જીંદગીઓ અનૈતિક સંબંધો આ બધી જ બાબતો નગરજીવનના આંતર વિશ્વને અનાવૃત્ત કરે છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

આમ નગરચેતનાના સાહિત્યના સંદર્ભમાં તપાસીએ તો આદર્શ સંસ્કૃતિની હાર સામે નગરના સાંપ્રત અંદાજની જીત જોઇ શકાય છે, જેમ કે યંત્ર સંસ્કૃતિના વિકાસ યુગમાં માનવીઓ નગરથી આકર્ષાયને તો ક્યારેક સુવિધાઓથી આકર્ષાયને ક્યાંક ભોગ વિલાસથી આકર્ષાયને નગર ભણી દોટ મૂકે છે. જેમાં ક્યાંક સફળતા તો બહુધા નિષ્ફળતા સામે લડી લેતા– ઝઝૂમી લેતા જોવા મળે છે. આમ નગર સંસ્કૃતિ નગરમાં વસતા માનવીની સારપતા કરતા કુરૂપતા વધારે મૂર્ત કરી આપે છે. અને માનવી માટે નગરજીવન કેટલી હદે ક્ષુબ્ધ થયું છે તેના ઉદાહરણો નગરજીવનની દુનિયામાં જીવતા ઝઝૂમતા નગરવાસીઓમાંથી અથાગ મળી રહેવા પામે છે.

### સંદર્ભ


1 Urbanization: odis, Page-58

2 એજન પૃ. 421

3 વૈશ્વિકરણના વહેણ અને વમળ: મારી નજરે, સંપાદક– ઉતમ પરમાણ, પૃ. 421

4 એજન પૃ. 421